આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

હે ઇશ્વર, મારી પ્રાર્થના
છે કે હું જાતે અંદરથી
સુંદર થાઉં
- સુકરાત

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૮ | ૨૯ જાન્યુઆરી, ૨૦૧૩, મંગળવાર; પોષ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં પહેલીથી આર્થિક ગણતરી

## જિલ્લામાં ૨૭૫૩ બ્લોક, ૯૨૦ ગણતરીદારો આ કામગીરી સંભાળશે, ભારત સરકાર દ્વારા જિલ્લાઓને સીધી કીટ મોકલાઈ : ગ્રામ્ય વિસ્તાર માટે મામલતદાર, નગરપાલિકા વિસ્તારમાં ચીફ ઓફિસર અને શહેરી વિસ્તારમાં ડે. મ્યુનિ. કમિશનર ચાર્જ અધિકારી રહેશે

ગાંધીનગર, તા.૨૮

આગામી ૧લી ફેબ્રુઆરીથી રાજયમાં શરૂ થઈ રહેલી ૬ઠ્ઠી આર્થિક ગણતરી માટે ગાંધીનગર જિલ્લામાં પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૨૮ દિવસમાં આ આર્થિક ગણતરીની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

૬ઠ્ઠી આર્થિક ગણતરી માટે જિલ્લાને ૨૭૫૩ બ્લોકમાં વિભાજીત કરવામાં આવેલ છે અને આ માટે ૯૨૦ ગણતરીદારો તેમજ ૧૫૩ જેટલા સુપરવાઈઝરોની નિમણુંક કરવામાં આવી છે.

રાજયની આ ૬ઠ્ઠી આર્થિક ગણતરીના આધારે એક બિઝનેશ ડિરેકટરી પણ તૈયાર કરવામાં આવશે. આ માટે ત્રણ અલગ અલગ પ્રકારના ફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે અને તેમાં ૨૬થી પણ વધુ વિગતો ગણતરીદારે ભરવાની રહેશે.

મળતી વિગતો આ આર્થિક ગણતરીમાં નાના મોટા તમામ એકમોને આવરી લેવામાં આવશે. આ એકમો જે સેવાકીય વસ્તુનું વેચાણ કરતા હોય અને બદલામાં નાણાં મેળવવામાં આવતા હોય તેવા તમામોને આવરી લઈ આ આર્થિક ગણતરી કરવામાં આવશે.

આ આર્થિક ગણતરી મહત્વ ધરાવતી હોવાથી જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે એક મોનીટરીંગ સમિતિની પણ રચના કરવામાં આવી છે. આ ગણતરીમાં ગ્રામ્ય વિસ્તાર માટે મામલતદાર,

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર એટલે રાજ્યનું પાટનગર અને પાટનગર હોય એટલે સુખ-સુવિધાઓથી સભર નગર હોય... આ નગર વિકસાવાયેલુ સુઆયોજિત નગરરચના ધરાવતુ નગર એવી છાપ ધરાવે છે પણ આ ગ્રીનસીટી તરીકે ઓળખાતા નગર પાસે પોતાની ડમ્પીંગ સાઈટ નથી અને તેથી જ આ નગરનો કચરો નાખવાની કોઈ જગ્યા નથી... આ તસવીર વાયબ્રન્ટ સમીટ દરમ્યાન યોજાયેલા ગ્લોબલ ટ્રેડ ફેર બાદ હેલિપેડના ખાલી થયેલા ગ્રાઉન્ડની છે. અહિ કચરો એટલો એકત્ર થયો છે કે તેને નાખવો ક્યાં અને નાખે પણ કોણ ? કોર્પોરેશનના સત્તાવાળાઓ આમ તો સેક્ટરોના ખૂણે ખાંચરે કચરો બાળતા હોવાની વાતો કાઉન્સીલરોએ કોર્પોરેશનની સામાન્ય સભામાં તસવીરો લગાવી હતી... પરંતુ વાઈબ્રન્ટ પછીની સફાઈ વિશે ક્યારે વાતો થશે ? કોણ જોશે સફાઈની આ કામગીરી... ડોર ટુ ડમ્પીંગના આયોજનો થઈ રહ્યા છે પણ એકત્ર થયેલા કચરાના નિકાલ યક્ષ પ્રશ્ન બન્યો છે.... આ તસવીર જોયા પછી કહેવાનુ મન થાય કે ગાંધીનગર સહુના માટે છે ગાંધીનગર માટે કોઈ નથી... (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં નરેગા અંતર્ગત રૂ. ૩૧ કરોડનો ખર્ચ

ગાંધીનગર, તા. ૨૮

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ (મનરેગા) અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધીમાં રૂ. ૩૦.૩૦ કરોડ રોજગારી પેટે ચુકવવામાં આવ્યા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ નરેગા યોજના ગ્રામીણ પરિવારોને ૧૦૦ દિવસની રોજગારીની ખાત્રી આપતી કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. આ યોજનાથી જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૬,૯૮૬ પરિવારોને રોજગારી આપવામાં આવી છે.

જિલ્લામાં આ યોજના અંતર્ગત દૈનિક રૂ. ૧૨૦ થી ૧૩૫ સુધીનું સરેરાશ વેતન ચુકવવામાં આવે છે તેમજ આ વેતન પણ શ્રમિકના બેંક અથવા પોષ્ટના ખાતામાં સીધુ જમા આપવામાં આવે છે. ચાલુ નાણાંકીય

**સાત વર્ષમાં ૧૦,૪૪૫ શૌચાલયો બનાવાયા**

**મિશન મંગલમ્ યોજના અંતર્ગત મહિલાઓને ૨૭ કરોડનું ધિરાણ**

વર્ષ દરમ્યાન ૩ લાખ ૭ હજાર માનવદિન રોજગારી અત્યાર સુધીમાં પુરીપાડી ૮૧ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.

નિર્મળ ગુજરાત અને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા ૦ થી ૧૬ સ્કોર ધરાવતા ગ્રામીણ લોકોને વર્ષ ૨૦૦૫ થી વર્ષ ૨૦૧૨ સુધીમાં ૧૦૪૪૫ લાભાર્થીઓને શૌચાલય આપવામાં આવેલ છે. જેનાં માટે કુલ રકમ રૂ. ૬૨.૦૯ લાખ તથા ૫૨૯૯૯ એ.પી.એલ. કુટુંબને રકમ રૂ. ૯૮.૭૦ લાખ પ્રોત્સાહક રકમ તરીકે ખર્ચ કરવામાં આવેલ છે.

મિશન મંગલમ યોજના અંતર્ગત મહિલા સશક્તિકરણ માટે જિલ્લામાં ૬૨૩૮ ગ્રુપો કાર્યાન્વિત થયા. જિલ્લામાં યોજના અંતર્ગત ૬૫૦૦૦ થી પણ વધુ મહિલાઓને રૂ. ૨૭.૪૩ કરોડ રૂપિયાની ધિરાણ સહાય આપવામાં આવી છે.

નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત શૌચાલય બનાવવા એપીએલ/બીપીએલ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત સામૂહિક શૌચાલય, શાળા શૌચાલય તથા આંગણવાડી શૌચાલય બનાવવા માટે પણ આર્થિક સહાય કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.



(તસવીર : દિપક જાની)

કુદરતની આ પણ કરામત જ છે ને ? આવો પ્રશ્ન આ તસવીર જોયા પછી કોઈને પણ થાય એ સ્વાભાવિક છે. આમ તો ચૈત્ર મહિનામાં લીમડાના વૃક્ષનો શણગાર ગણાતા મ્હોરનું આગમન થતું હોય છે અને ચૈત્ર-વૈશાખના વાયરાઓમાં તેના ફુલ લીમડાના ઝાડ નીચે પડે ત્યારે તે સ્થળની સુંદરતાનો નિખાર પણ અદભૂત થતો જોવા મળે છે. આ મ્હોર હવે ગાંધીનગરના લીમડાઓમાં પોસ મહિને જોવા મળતાં લોકોમાં કુતુહલ જાગ્યું છે.

# જિલ્લામાં કૃષિ વિકાસ માટે ૧૪૦ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કૃષિ વિકાસ પાછળ આગામી પાંચ વર્ષ દરમ્યાન રૂ. ૧૪૦.૩૯ કરોડનો ખર્ચ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કરવામાં આવશે. આ માટે પાંચ વર્ષનું આયોજન તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યું છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત કૃષિ અને કૃષિ સંલગ્ન સેવાઓના વિકાસ માટે આ આયોજન તૈયાર કરવામાં આવે છે. આ આયોજન તૈયાર કરવામાં કૃષિ યુનિ., કૃષિ તજજ્ઞો, પશુપાલન ક્ષેત્રની સહકારી સંસ્થાઓ તેમજ કૃષિ આધારિત ઉદ્યોગ ક્ષેત્રને સાથે રાખવામાં આવે છે.

મળતી વિગતો પ્રમાણે

**જિલ્લાતંત્ર દ્વારા જિલ્લામાં કૃષિ વિકાસ માટે પંચવર્ષીય આયોજન તૈયાર કરી મંજૂરી માટે મોકલ્યુ : ૧૨ ગ્રીન હાઉસ બને તેવું આયોજન : જમીન સંરક્ષણ અને જળ સંરક્ષણ પર વિકાસમાં ભાર મુકાયો : પ્રથમ વર્ષે ૪૬ કરોડનું આયોજન**

જિલ્લાતંત્ર દ્વારા જે આયોજન તૈયાર કરવામાં આવ્યું છે તેમાં પ્રથમ વર્ષે અર્થાત ૧૩-૧૪માં ૪૬.૫૦ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવનાર છે. આ ખર્ચ આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવાની થતી હોય વધુ છે.જ્યારે આ પછીના વર્ષોમાં ૨૪ કરોડ, ૨૩ કરોડ, ૨૨ કરોડ અને ૨૩ કરોડનો ખર્ચ થશે તેવો અંદાજ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આગામી વર્ષે બટાટા ઉત્પાદનમાં બિયારણની સહાયની યોજના માટે ૧૮.૭૫ લાખનો ખર્ચ કરવાનો અંદાજ છે. આ ઉપરાંત જળ સંરક્ષણ અને જમીન સંરક્ષણ માટે રૂ. ૬૪૩.૪૯ લાખનો ખર્ચ થશે તો મુખ્ય પાકોના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થાય તે માટે રૂ. ૫૨.૧૭ લાખનો ખર્ચ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ખેતીની પદ્ધતિમાં બદલાવ આવે તે માટે ૧૨ જેટલા ગ્રીનહાઉસથી ખેતીનો પ્રોજેક્ટ પણ વિચારણામાં લેવામાં આવ્યો છે.

જિલ્લામાં વધતા જતા દૂધના ઉત્પાદનને ધ્યાને રાખી ડેરી ઉદ્યોગના વિકાસની તકો વિશે પણ આ પ્રોજેક્ટમાં કેટલાક મહત્વના પાસાંઓ સૂચવવામાં આવ્યા છે. આ જિલ્લામાં દૂધ ઉત્પાદનમાં ચાલુ વર્ષે ૨ ટકા જેટલું ઉત્પાદન વધ્યુ છે તે ઉત્પાદન બે આંકડા સુધી વૃદ્ધિ પહોંચે તેવું વિચારાયું છે. આ માટે ડેરી ઉદ્યોગના સંચાલકો સાથે આગામી બેઠકો ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. ગત રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનામાં જે અંદાજો રખાયા હતા તેમાં આ વખતે રૂ. ....નો વધારો કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# માણસામાં હવે, ૬૧ ઉમેદવારો જંગમાં

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનર જિલ્લાની માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્રોની ચકાસણી દરમ્યાન ૬૩ ઉમેદવારી પત્રો અમાન્ય ઠરતા ૬૧ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

પેથાપુર નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે રજુ થયેલા પાંચ ઉમેદવારી પત્રો પૈકી ૩ ઉમેદવારી પત્રો રદ થતાં બે ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

**પેથાપુરમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ**

માણસા નગરપાલિકાની ૨૭ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે જો કે ત્રણ-ચાર અપક્ષ ઉમેદવારો અને બસપાના ૪ જેટલા ઉમેદવારો મેદાનમાં છે પણ સીધો જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેમ મનાઈ રહ્યું છે.

પેથાપુરની પેટા-ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ તરફથી બન્ને મહિલા ઉમેદવારો મેદાનમાં રહી છે.

આ ચૂંટણીમાં આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે અને ૧૦મી ફેબ્રુઆરીએ આ ચૂંટણી માટે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં ઈ.વી.એમ.નો ઉપીયોગ થનાર છે.

આ બન્ને નગરપાલિકાની ચૂંટણી વિધાનસભાની ચૂંટણી પછી યોજાઈ રહી છે તેથી તેનુ રાજકીય મહત્વ પણ વિશેષ છે. માણસા નગરપાલિકા ભાજપ પાસે છે. આ વેળાએ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે પેટાચૂંટણી અને સામાન્ય ચૂંટણીમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના મુખ્ય સચિવ પદે ડૉ. વરેશ સિન્હા

## સેવા નિવૃત્ત થઇ રહેલા એ. કે. જોતિના અનુગામી ડૉ. સિન્હા બનશે

અમદાવાદ, તા. ૨૮

રાજ્યના વહીવટી તંત્રના સર્વોચ્ચ પદ એવા મુખ્ય સચિવ પદે ડો. વરેશ સિન્હાની નિમણુંક કરવામાં આવી છે. મુખ્ય સચિવ એ. કે. જોતિ આગામી ૩૧.૧.૧૩ના રોજ વયમર્યાદાને કારણે સેવાનિવૃત્ત થઈ રહ્યા હોઈ તેમના સ્થાને ડો. વરેશ સિંહાની નિમણુંક કરવામાં આવી છે.



રાજ્યના મુખ્ય સચિવ પદે નિમાયેલા ડો. વરેશ સિન્હા ૧૯૭૭ની બેચના ભારતીય વહીવટી સેવાના અધિકારી છે. ડો. સિન્હાએ નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે તેમજ ગૃહ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ પદે તથા પંચાયત, શિક્ષણ વિભાગના

● અનુસંધાન પાન-૭ પર

# નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરો : યશવંત સિંહા

## મોદીને સમર્થન આપનાર ટોચના નેતાઓની યાદી વધુ વિસ્તૃત : ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી માટે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાથી ભાજપને ચોક્કસ ફાયદો થશે

નવી દિલ્હી,તા. ૨૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ હવે રાષ્ટ્રીય સ્તરે તેમની ભૂમિકા વધુ મજબુત બનાવા માટેનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી માટે પક્ષના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીને જાહેર કરવાની માંગ કરી રહેલા સભ્યોની યાદી વિસ્તૃત બની રહી છે. મોદીને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે જાહેર કરવા હવે ભાજપના વરિષ્ઠનેતા અને પૂર્વ નાણાં પ્રધાન યશવંત સિંહાએ પણ માંગણી કરી છે. યશવંત સિંહાએ પણ કહ્યુ છે કે મોદીને વડાપ્રધાન તરીકે જાહેર કરવાથી ભાજપને ચોક્કસપણે ફાયદો થશે. પત્રકારો સાથેની વાતચીતમાં સિંહાએ કહ્યુ હતુકે મોટાભાગના લોકો અને પક્ષના કાર્યકરો ઈચ્છે છેકે નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી માટે પક્ષના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા જોઈએ. જેડીયુ જેવા સાથી પક્ષોને આ હિલચાલ ગમશે કે કેમ તે અંગે પુછવામાં આવતા સિંહાએ કહ્યુ હતુકે જેડીયુ ભાજપના સૌથી જુના સાથી તરીકે છે પરંતુ વ્યક્તિગત





તરીકે કોમવાદી તરીકે તેમની જાહેરાત કરવાની બાબત બિલકુલ વાજબી નથી.

એનડીએથી જેડીયુ છેડો ફાડી લેશે તેવા સંજોગોમાં શું થશે તે અંગે પુછવામાં આવતા તેમણે ઉમેર્યુ હતુ કે ઘણા અન્ય રાજકીય પક્ષો પણ સામેલ થઈ શકે છે. જેડીયુએ હંમેશા નરેન્દ્ર મોદીની દાવેદારી સામે વાંધો ઉઠાવ્યો છે. નરેન્દ્ર મોદીનો કોમવાદી ભૂતકાળને લઈને હંમેશા નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. જેડીયુએ અનેક વખત મોદી સામે વાંધો ઉઠાવ્યો છે. નરેન્દ્ર મોદી ગઈકાલે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પક્ષના નવા વડા રાજનાથસિંહને મળ્યા હતા અને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી અંગે ચર્ચા કરી હતી. એવી અફવા ચાલી રહી છે કે ટીમ રાજનાથમાં નરેન્દ્ર મોદીની ભૂમિકા ખૂબજ મહત્વપૂર્ણ રહેશે. ગઈકાલે બંને નેતાઓ વચ્ચે આશરે બે કલાક ચર્ચા થઈ હતી જેમાં ગુજરાતની ચૂંટણી, લોકસભાની ચૂંટણીના મુદ્દે ચર્ચા થઈ હતી. આવનાર દિવસોમાં પક્ષની વ્યૂહરચના કેવી રહેશે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.